## વિનયમંદિર વિદ્યાલયમાં શિક્ષક દિનની ઉજવણી



હિંમતનગર તાલુકાની હિમતપુર ખાતેની સાબરકાંઠા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી વિનય મંદિર વિદ્યાલયમાં સોમવારના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ધોરણ ૯ થી ૧૨ના કુલ ૩૦ વિદ્યાર્થીઓ આચાર્ય, શિક્ષક, ક્લાર્ક તેમજ પ્યુન બનીને શાળાનું શૈક્ષણિક કાર્ય કર્યુ હતું. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાની આગવી સૂઝથી વિદ્યાર્થીઓને આનંદથી ભણાવ્યા હતા. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીશ્રી કે.વી.પટેલ તેમજ આચાર્યશ્રીએ પ્રાસંગિક ઉદબોધન કરીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

## પ્રાંતિજની શાળામા શિક્ષક દિન કાર્યક્રમ યોજાયો



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શેઠ.પી.એન્ડરઆર હાઈસ્કુલ તથા અવરઓન સ્કુલ ખાતે શિક્ષક દિન કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે આવેલ નગર પાલિકા સંચાલિત શેઠ પીએન્ડ આર હાઈસ્કુલ ખાતે પ્રાથમિક-માધ્યમિક મા શિક્ષક દિન નો કાર્યક્રમ યોજાયો હતો જેમા પ્રાથમિક મા ૭૨ અને માધ્યમિક મા ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તો રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ કેળવણી મંડળ સંચાલિત અવરઓન સ્કુલ ખાતે પણ ૯ થી ૧૨ મા અભ્યાસ કરતા ૭૫ વિધાર્થીઓએ શિક્ષક દિન નિમિત્તે ભાગ લઈ ને શિક્ષક બની પોતાનાજ મિત્રો ના ક્લાસ લીધા હતા.

## મોડાસાના બાયલ ગામે નેજા મહોત્સવની ઉજવણી



અરવલ્લી જિલ્લા ના મોડાસા તાલુકા ના બાયલ ગામે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ પ.પૂ મહંત શ્રી.ચંદ્રવદન વ્યાસના સાનિધ્ય માં નેજા ઉત્સવની ઉજવણી ભક્તિભાવ પૂર્વક કરવામાં આવી હતી.જેમાં નેજા ઉત્સવ નો મહિમા, વિષ્ણુ અવતારી રામદેવજી મહારાજ નો મહિમા અનુયાયીઓ ને જણાવ્યો હતો.અને નેજા/ધ્વજા ની પૂજા શાસ્ત્રોક્ત વેદોક્ત પૂજા મુંબઈ ના પૂ.ઓઝા દ્વારા કરાવવામાં આવી હતી. નેજાઉત્સવ ની ઉજવણી અનુરુપે ભક્તજનો માં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## ધનસુરાની જે.એસ.મહેતા હાઈસ્કૂલ ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં શિક્ષક દિનની ઉજવણી



ભારત માં દર ૫ મી સપ્ટેમ્બર ના રોજ શિક્ષક દિન ની ઉજવણી કરાય છે. ભારત ના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ના જન્મ દિવસ ના રોજ ભારત માં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે.ત્યારે ધનસુરા તાલુકામાં વિવિધ સ્કૂલો માં શિક્ષક દિન ની ઉજવણી કરવામાં આવી હતી. ધનસુરા ની જે.એસ.મહેતા હાઈસ્કૂલ ઉચ્ચ પ્રાથમિક વિભાગ માં પણ શિક્ષક દિન ની ઉજવણી કરાઈ હતી.જેમાં શાળાના વિદ્યાર્થી શિક્ષક બન્યા હતા અને શિક્ષક બની શાળા માં શિક્ષણ કાર્ય કરાવ્યું હતું.અને શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.આજના દિવસે શિક્ષક બનેલ વિદ્યાર્થીઓને આગાઉ થી પોતાનું ધોરણ અને વિષયો વહેચી દેવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓએ શિક્ષક બની ઉત્સાહપૂર્વક શિક્ષણ કાર્ય કરાવ્યું હતું.આમ એક દિવસ માટે શાળા ના બાળકો એ શાળા માં શિક્ષક બની ને શિક્ષણ કાર્ય કરાવ્યું હતું.શાળા ના આચાર્ય લલીતાબેન કલાસ્વા અને સ્ટાફ ના શિક્ષકો સહુએ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા.

## ધાનેરામાં આવેલ લાધાપુરા વિસ્તારમાં બાબા રામદેવપીરના મંદિરે ભાદરવી નોમ નિમિત્તે ધજા ચઢાવાઈ



ધાનેરાના લાધાપુરા વિસ્તાર ખાતે વર્ષો જૂનું બાબા રામદેવપીરનું મંદિર આવેલું છે અને ભાદરવા મહિનામાં આ મંદિરે ત્રિ દિવસીય મહોત્સવ યોજાય છે. જેમાં નોમના દિવસે બાબા રામદેવપીરને નેજા ચઢાવવામાં આવે છે અને રાત્રે જાગરણ કરવામાં આવે છે. અને દશમના દિવસે ૨૪ કલાક સુધી રામ ધુમ નામનો કાર્યક્રમ કરવામાં આવે છે. અને અગિયારસના દિવસે ભવ્ય શોભાયાત્રા નીકાળી આ ઉત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવે છે. ત્યારે આજે નોમ નિમિત્તે બાબા રામદેવપીરને નેજા ચઢાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સમાજના આગેવાનો સહિત ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો.

# પ્રાંતિજના નનાનપુર ખાતે જમીન ખેડવા બાબતે ફાયરીંગ : મહિલાને બચકુ ભર્યુ

## ચાર વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા પોલીસ ફરિયાદ થઇ

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નનાનપુર ખાતે જમીન ખેડવાનીના પાડતા આરોપીએ એકદમ ઉશ્કેરાઈ જઈ મહિલાને બિભત્સ ગાળોબોલી મહિલાને બાથમા પકડી લઈ બચકુ ભરી ધકકો મારી નીચે પાડી રિવોલ્વર કાઢી ફાયરીંગ કરી મહિલાના પતિ સસરા ને મારમારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ચાર વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા પોલીસ ફરિયાદ થઈ

**પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળની તપાસ હાથધરી : કોર્ટમા કેસ ચાલતો હોવા છતાંય આરોપી બે ટ્રેકટર લઈ જમીન ખેડવા માટે આવ્યો**

પ્રાંતિજ ના નનાનપુર ખાતે રહેતા અંકિતાબેન પટેલ તેવોના પરિવાર સાથે ધરે હતા તે દરમ્યાન રણજીતસિંહ નારસિંહ સોલંકી રહે હિંમતનગર ખેડ તસીયા રોડ તથા તેમનો ભાગીયો તથા બીજા બે માણસો ચારેય જણા બે ટ્રકેટર લઈ ને આવી ખેતરમા બનાવેલ પથ્થર ની દિવાલ તોડી બાજુના ખેતરમા ખેડવા માટે ગયા હતા ત્યારે જે ખેતર મા ખેડતા હતા તે ખેતર નો કેસ કોર્ટ મા ચાલે છે જેથી અંકિતાબેન ત્યા જઈ ને તેવુ કહેતા રણજીતસિંહ સોલંકી એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને બિભત્સ ગાળો બોલવા લાગતા અંકિતાબેને ગાળો બોલવાની ના પાડતા અંકિતાબેન ને એકદમ બાથમા પકડી લઈ ડાબા હાથે તેમના મોઢાથી બચકુ ભરેલ અને અંકિતાબેન ને ધકકો મારી નીચે પાડી દીધેલ અને રણજીતસિંહ મહિલા ઉપર બેસી ગયેલ જેથી મહિલાએ બુમાબુમ કરતા સસરા નટવરભાઈ સાંકાભાઈ પટેલ તથા અંકિતાબેન ના પતિ ભાવેશ કુમાર દોડી આવ્યા હતા ત્યારે ભાવેશ ભાઈ પત્ની ને છોડાવા જતા ટ્રેકટર નો ચાલક એકદમ ગાળો બોલતો બોલતો ટ્રેકટર માંથી નીચે ઉતરી લાકડાનો ધોકો લઈ આવી ભાવેશ ને પાછળ ની પીઠે મારેલ અને કહેતો હતો કે હુ હિંમતનગર એ.ડીવીઝન પોલીસ સ્ટેશન નો પી.એસસાઈ છુ તમો અથી જતા રહો તો ઝગડામા અંકિતાબેન ના સસરા નટવરભાઈ વચ્ચો પડતા રણજીતસિંહ એ તેવોને ધકકો મારી નીચે પાડી દીધા હતા અને કહ્યુ કે લુખ્ખા જતો રહે નહીતો મારી નાખીશ તો અંકિતાબેન નો પુત્ર દાદાના મોબાઈલ વિડીયો ઉતારતો હતો તો તેની પાસેથી ફોન લઈ તેને પણ ધકકો મારી નીચે પાડી દીધેલ બુમાબુમ થતા ગામમાથી જેઠાણી રોશની બેન દોડી આવ્યા હતા અને તેમણે પણ રણજીતસિંહ સામે લેન્ડ ગ્રેબીંગ ની અરજી કરેલ છે અને રણજીતસિંહ ને કહ્યુ કેમ ઝગડો કરો છો તેમ કહેતા રણજીતસિંહ દ્વારા તેવોને પણ ગાળોબોલી તેમની પાસે રહેલ રિવોલ્વર કાઢી ડરાવી કહેવા લાગ્યો કે તમોને જાનથી મારી નાખવા છે તેમ કહી રિવોલ્વર સામે રાખી ફાયરીંગ કર્યુ હતુ પરતુ બચી ગયા હતા અને ખેતરમા ટ્રકેટર મુકીને જતા-જતા કહેતા હતા કે એકલદોકલ મળશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપી જતા રહ્યા હતા જેથી અંકિતાબેન પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન રણજીતસિંહ નારસિંહ સોલંકી , રણજીતસિંહ નારસિંહ સોલંકી નો ભાગીયો , બે અજાણ્યા ઈસમો સહિત ચાર વિરૂધ્ધ ગુનો નોધાવતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૦૭, ૩૨૩ , ૩૫૪ , ૨૯૪ (હ) ૪૨૭ હથિયાર ધારો-૩૦ , જીપીએકટ કલમ ૧૩૫ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથધરી હતી

**મહિલાના પતિ સસરાને માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ચાર વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા પોલીસ ફરિયાદ થઇ**

### અંબાજી જતા પદયાત્રીઓથી માર્ગો ઉભરાયા

# જિલ્લામાં લમણા શેકતી ૩૪ ડિગ્રી ગરમીથી પદયાત્રીઓ પરેશાન, આસ્થાના દ્રશ્યો દેખાયા

## અનેક પદયાત્રીઓ ડી-હાઈડ્રેશનનો શિકાર બન્યા

બાયડ (બ્યુરોઓફિસ), તા.૦૫

અંબાજી જતા પદયાત્રીઓથી માર્ગો ઉભરાઈ રહ્યા છે. જગવિખ્યાત અંબાજીના ભાદરવી પુનમના મહામેળાનો પ્રારંભ થયો છે ત્યારે જિલ્લામાં રવિવારે લમણા શેકતી ૩૪ ડિગ્રી ગરમીથી હજારો પદયાત્રીઓ પરેશાન બન્યા. કેટલાક પદયાત્રીઓ ડી-હાઈડ્રેશનનો શિકાર બનતાં સ્થાનિક લોકોએ સારવાર માટે મદદ કર્યાનું જાણવા મળ્યું છે. કેટલાક પરિવારોની બાળકોની માનતા પૂરી થતાં પરિવાર ફૂલ જેવા બાળકોને લઈને અંબાજી ભણી જતા આસ્થાના દ્રશ્યો પણ જોવા મળ્યા.

પ્રાપ્ત જાણકારી અનુસાર અંબાજીમાં જગત જનની માં અંબાના ધામના ભાદરવી પુનમનો મેળો શરૂ થતાંની સાથે માર્ગો પદયાત્રીઓથી દિવસ-રાત ઉભરાઈ રહ્યા છે. માલપુર નજીકની દુર્ઘટના પછી પોલીસ



એકશનમાં આવી છે અને પદયાત્રીઓને પૂરતી સુરક્ષા મળે તેવા પ્રયાસ શરુ કર્યાનું જોવા મળ્યું છે ત્યારે અંબાજીનો ભાદરવી પુનમનો મેળો શરુ થતાં બાયડ થી પોશીના અને મજરા થી પોશીના સુધીના તમામ માર્ગો ઉપર જ્યાં નજર કરી ત્યાં પદયાત્રીઓ અને સેવા માટે વિસામા જોવા મળી રહ્યા છે. સવારે હવામાનમાં એકાએક પલ્ટાવ આવ્યો અને વરસાદ વરસશે તેવી સંભાવના વચ્ચે ગણતરીના કલાકોમાં વાદળો વિખેરાઈ ગયા હતા અને ત્યારબાદ આકાશમાંથી અગનગોળા વછૂટતા હોય તેમ ગરમી પ્રકોપ શરુ થયો જેના કારણે હજારો પદયાત્રીઓ અસહ્ય ગરમીથી ત્રાહીમામ પોકારતા જોવા મળ્યા છતાં પણ પદયાત્રીઓમાં માં ના ધામમાં જવાનો જે ઉત્સાહ જોવા મળ્યો તેના ઉપરથી જ આજે પણ લોકોમાં માં ના ધામ પ્રત્યે કેટલી શ્રદ્ધા છે તેના ઉદાહરણો જોવા મળ્યા હતા. મધ્ય ગુજરાતના કેટલાક પરિવારો દ્વારા તેમની શેર માટીની ખોટ માં ના આશીર્વાદથી પૂરી થતાં નાના સંતાનો સાથે માં અંબાના ધામમાં જતા જોવા મળ્યા. દિવસ દરમ્યાન જય જય અંબેના જયઘોષ સાથે તમામ માર્ગો ભક્તિસભર બન્યા હતા. જિલ્લામાં નાના-મોટા ૧૨૦૦ થી વધુ વિસામા દ્વારા હજારો પદયાત્રીઓની સેવા કરવામાં આવી રહી છે. આ વર્ષે ચૂંટણી યોજાવવાની હોવાથી કેટલાક ભાવિ ઉમેદવારોએ પણ વિસામાં શરુ કર્યાનું ઠેકઠેકાણે જોવા મળ્યું છે.

# "ભારતની ભવ્યતા...."

## થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૫

કોઈપણ રાષ્ટ્રની ભવ્યતા ત્યાંની રાજસત્તા ઉપર આધારિત છે!! ભવ્યતા અને વૈભવને એક ત્રાજવે ના તોળી શકાય... "વૈભવ" માં ભવ્યતા ના હોય તો તે વૈભવનું કોઈ મૂલ્ય નથી. આજના ભૌતિક યુગમાં ભણેલા ગણેલા લોકો પણ આર્થિક વૈભવને ભવ્યતા સમજવાની ભૂલ કરે છે... છેલ્લા બસો પાંચસો વર્ષનો અભ્યાસ કરવાથી આપણને ભારતના વૈભવ અને ભવ્યતાની ક્યારેય ખબર નહિ પડે!! સામ્યવાદીઓનું અને અંગ્રેજોનું શિક્ષણ લઈને આપણે તજજ્ઞો થયા છીએ એટલે આપણે આવી લૂલી વાતો કરીએ છીએ... આજે વિશ્વમાં આખાયમાં જે વિકાસ થઈ રહ્યો છે તે એકતરફી ભૌતિક વિકાસ છે!!

સૌ તારક મહેતાના ઉલ્ટા ચશ્માં પહેરીને ફરે છે તો કોઈક વધુ ભણેલા ટૂંકી દષ્ટિના ચશ્માં લગાવીને.

એટલે જ આપણા દાદા દાદી ભણેલા નહોતા એના ઉપરથી એવું કહે કે ભારતમાં શિક્ષણ નહોતું. છેલ્લા ૧૦૦૦ વર્ષમાં મુસ્લિમ આક્રમણખોરોથી મહિલાઓને સુરક્ષિત કરવા ઘૂંઘટ પ્રથા હિન્દુસ્થાનમાં આવી છે તે ના ભૂલવું જોઈએ... મહિલાઓને હમેશા ભારતે અગ્રીમતા આપેલી છે તે દૂરના ચશ્માં લગાવીને વાંચવું પડશે... ભારતમાં મહિલાઓ ૧૦૦૦ વર્ષ પહેલાં પણ ચીફ ન્યાયાધીશ રહી ચુકેલી છે જે અમેરિકા કે બ્રિટન આજે પણ મહિલાને માન સન્નમાન નથી આપી શક્યા તો કેવી રીતે કહી શકાય કે ભારતમાં મહિલા શિક્ષણ નહોતું!! પૃથ્વી ગોળ છે એ ભૂગોળનું જ્ઞાન શુ પશ્ચિમના સાયંસે આપ્યું છે?? નહીં... બે લાંબા દાંત વચ્ચે વારાહ અવતારમાં ગોળ પૃથ્વીને દાંતમાં ઊંચકી લીધી હતી ત્યારે અંગ્રેજો તો અસ્તિત્વમાં પણ નહોતા...

ભારતમાં શિક્ષણ નહોતું એ માનવાવાળા મૂર્ખ છે.... ભારતના પ્રત્યેક ગામડાઓમાં ગુરુકુલો હતા તો તાલુકા લેવલે તપોવન હતા!! નાલંદા અને તક્ષશિલા વિદ્યાપીઠો આજની હાવર્ડ, ઓક્સફર્ડ કે કેમ્બ્રિજ યુનિવર્સિટીઓને ટક્કર મારે તેવી હતી.... ભારતમાં વિદ્યા પ્રાપ્તિની કોલેજોને "તીર્થ" થી ઓળખવામાં આવતી!! ગણેશ- કાર્તિકેય વચ્ચેના શ્રેષ્ઠતાની ઓળખ માટે જે ૬૮ તિર્થની વાત છે તે ૬૮ કોલેજની યાત્રા એટલે કે ૬૮ કોલેજમાં અલગ અલગ વિષયમાં જ્ઞાન પ્રાપ્તિની વાત છે પરંતુ આપણા શાસ્ત્રો સંસ્કૃતમાં અલંકારીક ભાષામાં લખાયેલા છે તો ક્યાંક રૂપકાત્મક છે એટલે તેનો યોગ્ય અનુવાદ કરવો પડે!!

આ એનું એજ ભારત છે જ્યાં વર્ણવ્યવસ્થા ભણાવતી, અને વર્ણવ્યવસ્થા કોઈ જાતિવાદી વિષય બિલકુલ નથી પણ તે સંપૂર્ણ અર્થવ્યવસ્થાનો વિષય છે જે રાષ્ટ્રની ઈકોનોમી મજબૂત રાખે છે. ભારતના વશિષ્ટ ઋષિએ હજારો વર્ષ પહેલાં લોકશાહીની વ્યાખ્યા આપી પણ લોકશાહીના પિતા તરીકે અબ્રાહ્મ લિંકનના નામે લેબલ લાગ્યું!! વ્યાસ, વાલ્મિકી અને કાલિદાસ જેવા કોઈ સાહિત્યકાર દુનિયામાં ફરીથી જન્મ્યા જ નથી પણ તેમને કોઈ ઓળખતું નથી.... ભારતીય જનતા સોસીયલ કાસ્ટની ઉપેક્ષા કરે છે તેવું આળ લગાવે છે પણ તેમને ક્યાં ખબર છે કે વ્યાસ અને વાલ્મિકી બંને સોસીયલ કાસ્ટમાં જ પેદા થયા હતા!! "જન્મથી કોઈની ઓળખ નથી હોતી , કર્મ અને જ્ઞાન એ વ્યક્તિની ઓળખ હોય છે એ શીખવનાર બીજું કોઈ નહિ પણ ભારતીય સંસ્કૃતિ છે...."

એટલેજ ઋષિ ભારદ્વાજ કે જેમનું વિમાનશાસ્ત્ર યાદ કરવાને બદલે રાઈટ બંધુઓએ વિમાનની શોધ કરી તેવું ભણાવાય છે પણ રામાયણ કાળના પુષ્પક વિમાનને માત્ર કલ્પના કહીને તેની મજાક ઉડાડવામાં આવે છે!! અરે મોહેંજો દડો સમયનું આર્કિટેક-ઈજનેરી કામ જોઈ લ્યો યુરોપના અને ભારતના ગોરાઓ તમામનું અભિમાન ઓગળી જશે.... તેનાથી પણ સંતોષ ન થાય તો દક્ષિણ ભારતના ડઝનેક મંદિરનો અભ્યાસ કરી આવો અને પછી તેમના જેવા મંદિરો તમે આ આધુનિક યુગમાં નિર્માણ કરી બતાવો તો તમને આ થર્ડ અમ્પાયર મોટી સેલ્યુટ કરશે નહીં તો તમે સ્વીકારી લ્યો કે ભારત ભવ્ય હતું, ભારત ભવ્ય છે અને ભારત જ ભવ્ય રહેશે.... કારણકે ઈશ્વરે ભારતને આ ભવ્યતા આપેલી છે. તમને આ વાતનો એકરાર આજે નહિ તો ભલે ભવિષ્યમાં પણ કરવો તો પડશે જ....

# ગણપત યુનિવર્સિટી ખાતે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક કાર્યક્રમ યોજાયો



મહેસાણા, તા. ૫

મહેસાણા ગણપત વિશ્વ વિધાલય ખાતે જિલ્લા અને તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક કાર્યક્રમમાં આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમાજમાં શ્રેષ્ઠતમ ગુરૂઓ દ્વારા રાષ્ટ્રના ભવિષ્ય નિર્માણનું સૂચારૂ કામ થઈ રહ્યું છે. ડો સર્વપલ્લી રાધાકૃષ્ણન ના જન્મ દિવસને શિક્ષકોને પ્રોત્સાહિત કરવાની આ પરંપરા રાષ્ટ્ર માટે ગૌરવાવિંત છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું કે, શિક્ષણના યજ્ઞ થકી સમાજસેવાનું શ્રેષ્ઠત્તમ કાર્ય કરતા શિક્ષકોને સન્માન આપવું એ આપણા સૌની ફરજ છે.સમાજ વિકાસમાં શિક્ષકોનું યોગદાન અમૂલ્ય છે.તેમણે ઉમેર્યું હતું કે શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવું એ રાજ્યની પરંપરા છે. દેશના પ્રધાનમંત્રીશ્રીની દિર્ઘદષ્ટીને પગલે આજે ગુજરાતનું બાળક વિશ્વની અટારીઓ આંબતુ થયું છે. નરેન્દ્રભાઈનું સ્વપન હતું કે રાજ્યનું બાળક તેજસ્વી બની વૈશ્વિક હરણફાળ ભરે જે માટે ઉચ્ચત્તમ શિક્ષણના સર્વશ્રેષ્ઠ પ્રયાસો સરકાર દ્વારા કરાઈ રહ્યા છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે શિક્ષકોને સ્થૂળ કે સુક્ષ્મ કોઈ પણ પ્રકારનો સ્વાર્થ હોતો નથી.સમાજ જીવનમાં શિક્ષકોનું સ્થાન મહત્વનુ છે. આજના બદલાતા ટેકનોલોજીના યુગમાં શિક્ષકો તાલ મીલાવતા થયા છે જેનો સીધો ફાયદો સમાજને મળતો થયો છે. આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે ઉમેર્યું હતું કે શિક્ષણ થકી સસ્કૃતિ જીવંત રહે છે. સનાતન સંસ્કૃતિ પર અનેક આક્રમણો બાદ પણ જીવીત છે ,જેનો શ્રેય ગુરૂજનોને જાય છે.બહુમુખી આયામો ધરવાતા દેશમાં ગુરૂ થકી વિશ્વ ગૂરૂ બનાવનું સ્વપન પુરૂ થઈ રહ્યુ છે.

આ પ્રસંગે પાટણના સંસદ સભ્ય ભરતસિંહ ડાભી એ શિક્ષકો સમાજની સાથે ભાવિ પેઢીના ઘડતરનું પવિત્ર કાર્ય કરી રહ્યા છે. તેમ જણાવી તેમણે એવોર્ડ વિજેતા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. રાજયસભા સંસદ જુગલસિંહ ઠાકોરે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને તત્વ ચિંતક ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતીએ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવે છે.કોરી આંખોમાં સપના વાવે એ શિક્ષક એવી લાગણી વ્યકત કરતા તેમણે અહોભાવ સાથે શિક્ષકોને પોતાનું કર્તૃત્વ નિભાવવા જણાવ્યું હતું.

# બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી



પાલનપુર તા. ૫

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ની ૪૨ સભ્યો ની સામાન્ય ચૂંટણી આગામી પાંચ વર્ષ ની મુદત માટે યોજાઈ હતી. જેમાં તમામ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા. નવનિયુક્ત ચૂંટાયેલા સભ્યો ની પ્રથમ કારોબારી ની બેઠક પાલનપુર ખાતે આવેલ ચેમ્બર ના ભવન માં શનિવારે મળી હતી. જેમાં જિલ્લા ના ઉદ્યોગપતિ શિવરામભાઈ આઈ.પટેલ ની પ્રમુખ તરીકે પુનઃ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી જ્યારે ઉપપ્રમુખ તરીકે છાપી વેપારી મંડળ ના પ્રમુખ સુરેશભાઈ અગ્રવાલ , ઈશ્વરભાઈ એ. પટેલ , મંત્રી તરીકે જયંતીભાઈ આઈ. પટેલ , ખજાનચી તરીકે સંદીપભાઈ જી.પટેલ સહ મંત્રી તરીકે વિહાભાઈ આર. પટેલ , વિક્રમભાઈ એ. ઠક્કર તેમજ આંતરિક ઓડિટર તરીકે કનુભાઈ આર. અગ્રવાલ ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ મિટિંગ માં ગુજરાત ચેમ્બર ના સેક્રેટરી દિલીપભાઈ પાધ્યા , દીલસુખભાઈ અગ્રવાલ , મિયાંજીભાઈ પોલરા ,ગીરીશભાઈ જગાણિયા , વિનુભાઈ પટેલ સહિત ના આગેવાનો ઉપસ્થિત રહી નવનિયુક્ત હોદેદારો ને શુભેચ્છાઓ પાઠવી હતી.



સારસ્વત હાઈસ્કૂલ બાયડ ખાતે ડૉ.સર્વપલ્લી રાધકૃષ્ણનની યાદ માં સ્વયં શિક્ષક દિન ની ઉજવણી કરવામાં આવી.જેમાં ૭૦ જેટલા વિધાર્થીઓ અને વિદ્યાર્થીઓનીઓ એ ઉત્સાહભેર ઉજવણી માં ભાગ લીધો હતો. તેમને શિક્ષક તરીકે તેમના જીવનો એક સુંદર અનુભવ પણ કર્યો હતો.સ્વયમ શિક્ષક દિવસ નિમિતે બનેલા શિક્ષક વિધાર્થીઓ માટે સ્ટાફ મિત્રો તરફ થી નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતુ. વિધાર્થીઓ એ કાર્યક્રમના અંતે પોતાના અભિપ્રાય આપ્યા ખૂબ સુંદર રીતે રજૂ કર્યા હતા. અને શાળાના આચાર્ય શ્રી આરીફ ભાઈ મીરઝા સાહેબે કાર્યક્રમ ને સફળ આયોજન માટે શિક્ષક મિત્રો તેમજ માર્ગદર્શક આદમભાઈ સાહેબ,કન્વિનર અલ્કેશભાઈ અને સહ કન્વિનર મોહિનખાન તેમજ પંક્તિબેન પટેલ તેમજ સાનિયાબેન દરેક ને વિશેષ ધન્યવાદ પાઠવ્યા હતા.